અપીલ અરજી નં.૧૬૧ તા.૧૩–૮–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૭–૭–૧૦ની અરજીથી (૧) જલારામ ઈન્ડ.સોસાયટીના ગેટ પાસેથી તા.૨૫–૮–૨૦૦૯ ના રોજ આપના વિભાગે ૧૪ કનેકશનનો (ગેરકાયદે) ઝડપ્યા હતા તો આ કેસમાં આપના વિભાગે કરેલ કાર્યવાહીની પંચનામાની નકલ સ્થળ તપાસમાં કયા કયા મિલ્કતધારક સુધી લાઈનો પહોંચાડવામાં આવી હતી તેની વિગત તથા જે જે મિલ્કતધારક પાસેથી ગેરકાયદે કનેકશન પેટે જે જે રકમ વસુલ કરી હોય તેની મિલ્કતધારકના નામ સરનામા વસુલ કરેલ રકમ તથા તેની સામે આપના વિભાગે આપેલ રસીદની નકલો સહિત ની તમામે તમામ નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. (૨) આ કેસમાં આપના વિભાગે કેટલો કેટલો સામાન જપ્ત કર્યો તે નોંધવાળા પત્રની નકલ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૩–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૬૧/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૭–૭–૧૦ની અરજીથી (૧) જલારામ ઈન્ડ.સોસાયટીના ગેટ પાસેથી તા.૨૫–૮–૨૦૦૯ ના રોજ આપના વિભાગે ૧૪ કનેકશનનો (ગેરકાયદે) ઝડપ્યા હતા તો આ કેસમાં આપના વિભાગે કરેલ કાર્યવાહીની પંચનામાની નકલ સ્થળ તપાસમાં કયા કયા મિલ્કતધારક સુધી લાઈનો પહોંચાડવામાં આવી હતી તેની વિગત તથા જે જે મિલ્કતધારક પાસેથી ગેરકાયદે કનેકશન પેટે જે જે રકમ વસુલ કરી હોય તેની મિલ્કતધારકના નામ સરનામા વસુલ કરેલ રકમ તથા તેની સામે આપના વિભાગે આપેલ રસીદની નકલો સહિતની તમામે તમામ નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. (૨) આ કેસમાં આપના વિભાગે કેટલો કેટલો સામાન જપ્ત કર્યો તે નોંધવાળા પત્રની નકલ ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/ ટેક/ ૪૦૦ તા.૭–૮–૧૦ થી આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૮–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨૫ તા.૨૬–૮–૧૦ થી જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મળેલ માહિતીમાં કઈ માહિતી અધુરી છે તેની સ્પષ્ટતા કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને પત્ર નં.સા.ઝોન/ટેક./૪૭૩ તા.૮–૯–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તબદીલ કર્યા અંગેના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૪૯૮ તા.૮–૭–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પાઠવેલ પત્ર નં.સા.ઝોન/ટેક./૪૦૦ તા.૭–૮–૧૦ ના પત્રન નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૮–૯–૧૦ ના રોજ પૂરક પત્ર મળેલ છે.

અરજદારની તા.૭–૭–૧૦ ની અરજીથી (૧) જલારામ ઈન્ડ.સોસાયટીના ગેટ પાસેથી તા.૨૫–૮–૨૦૦૯ ના રોજ આપના વિભાગે ૧૪ કનેકશનનો (ગેરકાયદે) ઝડપ્યા હતા તો આ કેસમાં આપના વિભાગે કરેલ કાર્યવાહીની પંચનામાની નકલ સ્થળ તપાસમાં કયા કયા મિલ્કતધારક સુધી લાઈનો પહોંચાડવામાં આવી હતી તેની વિગત તથા જે મિલ્કતધારક પાસેથી ગેરકાયદે કનેકશન પેટે જે જે રકમ વસુલ કરી હોય તેની મિલ્કતધારકના નામ સરનામા વસુલ કરેલ રકમ તથા તેની સામે આપના વિભાગે આપેલ રસીદની નકલો સહિતની તમામે તમામ નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. (૨) આ કેસમાં આપના વિભાગે કેટલો કેટલો સામાન જપ્ત કર્યો તે નોંધવાળા પત્રની નકલ ની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૫–૮–૦૯ ના રોજ જલારામ ઈન્ડ. સોસા.ના ગેટ પાસેથી જે ગેરકાયદેસર પાણીના કનેકશનો ઝડપાયા હતા તે અંગે ટીપી રોડ પરની મુખ્ય નળીકા સાથેનું જોડાણ અત્રેથી કાપી નાંખવામાં આવેલ. આ કેસ બાબતે કસુરવાર માલુમ પડેલ લાયસન્સ પ્લમ્બરનું લાયસન્સ હાઈડ્રોલીક ખાતા મારફથી શિક્ષાત્મક કાર્યવાહી રૂપે સસ્પેન્ડ કરવામાં આવેલ છે તેવું જણાવવામાં આવેલ. અરજદારે અપીલ અરજી સમયે માહિતી અધૂરી છે એમ જણાવેલ. જેના અનુસંધાને પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨૫ તા.૨૬–૮–૧૦ થી પાઠવવામાં આવેલ. જેમાં અરજદારે અપાયેલી માહિતીમાં ઉધનાઝોને કરેલી કાર્યવાહીની પંચનામાની નકલ નથી આપી જે જે મિલ્કતધારકો સુધી લાઈનો પહોંચાડવામાં આવેલ હતી તેની વિગત નથી. મિલ્કતધારકો પાસેથી જે જે રકમ વસુલ કરી હોય તેના મિલ્કતધારકોના નામ સરનામા તથા વસુલ કરેલી રકમની રસીદોની નકલો નથી તે બાબતનો જવાબ પણ નથી તથા ઉધનાઝોને કેટ કેટલો સામાન જપ્ત કર્યો? તે અંગેની કોઈ વિગતો ન હોવાથી જવાબ અધુરો છે તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે પૂરી પાડવી રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારે તા.૩૦–૬–૧૦ ની અરજીથી માંગેલ માહિતી  મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં અને  અરજદારે  અપીલ તબકકે કરેલી રજુઆત  સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી  દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા  એડી.સીટી ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધકારી(સેન્ટ્રલઝોન) .. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ